જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૬/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી અને ૬૫ લીટર દેશી દારૂ, ૨૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૩/૧૬**

**નરોડાઃ** ધવલ નારાયણભાઈ પટેલ (રહે.પુલીન વિભાગ-૧ પાયલનગરની સામે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૬/૧૬ રાતના ૯/૦૦ થી તા.૧૧/૬/૧૬ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા દેવી સિનેમા રોડ રત્નદીપ સોસાયટીના ખાચાંમાં જીન્સવલ્ડ નામની પોતાની દુકાનના શટરના તાળા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી જીન્સ પેન્ટ નંગ-૨૫૦ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/-, શર્ટ નંગ-૨૫૦ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, ટી-શર્ટ નંગ-૧૯૦ કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, કેપ્રી નંગ-૩૦ કિમત રૂપિયા ૧૧,૦૦૦/-, બેલ્ટ નંગ-૧૦ કિમત રૂપિયા ૫,૯૦૦/-, પરફ્યુમ નંગ-૪૫ કિમત રૂપિયા ૬,૫૦૦/-, ચશ્મા નંગ-૩૦ કિમત રૂપિયા ૧,૫૦૦/-, ટ્રેક નંગ-૧૦ કિમત રૂપિયા ૨,૫૦૦/-, મોજા પાઉચ નંગ-૧૫ કિમત રૂપિયા ૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૪,૫૦૦/- મળી કુલ રૂપિયા ૩,૬૯,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૪/૧૬**

**સરદારનગરઃ** દિવ્યકાંત નટવરલાલ શાહ **(ઉ.વ.૫૦)** (રહે.વ્રજ દર્શન ડુપ્લેક્ષ વ્રજધામ મંદિરની બાજુમાં મંજલપુર વડોદરા) એ તા.૧૧/૬/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૫/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે અમદાવાદ એરપોર્ટ ટર્મિનલ-૨ ખાતે ગ્રીન બેલ્ટ ઉપરથી અજાણી વ્યક્તિ પોતાની બેગ લઈ પલાયન થઈ ગઈ હતી. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને ડોલર ૨૩૦૦ હતા. સરદારનગર પોલીસને જાણ કરતા સી.સી.ટી.વી. ફુટેજ જોતા તપાસ કરતા આરોપી હિમતનગરના રહેવાસી મહેદી હુસેનનુ જાણવા મળેલ જે બેગ લઈ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ જી ખરાડી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘાટલોડીયાઃ** સાહેબઅલીખાન સાહીદઅલીખાન પઠાણ (રહે. ગુણાતીત સોસાયટી વિવેકાનંદચોક મેમનગર ઘાટલોડીયા) એ તા.૧૧/૬/૧૬ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૬/૧૬ રાતના ૯/૦૦ થી તા.૯/૬/૧૬ રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી નિકોન કંપનીનો કેમેરો, ડેલ કંપનીનું લેપટોપ, હાર્ડડિસ્ક WD અને જરૂરી કાગળો મળી કુલ કિમત રૂપિયા ૫૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.બારીયા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૫/૧૬**

**ઓઢવઃ ચન્દ્રકાંત સોમાભાઈ પટેલ** (રહે.પ્રહલાદ રેસીડન્સી શ્રીરામ ચોક સેન્ટ મેરી સ્કૂલની બાજુમાં નવા નરોડા) એ તા.૨/૬/૧૬ રાતના ૮/૦૦ વાગે ઓઢવ કર્મ ગેસ એજન્સીની બાજુમાં નર્મદા વેર હાઉસ નજીક ટાટા કંપનીની દસ ટાયરવાળી ટ્રક નંબર જીજે ૧ સીએક્સ ૫૯૫૯ કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩/૬/૧૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ચંદ્રકાંત પટેલે તા.૧૧/૬/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ એમ પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)